# ઝઘડિયાના આંબોસ- પડાલ ગામેથી દારૂ જપ્ત

ઝઘડિયા । ઝઘડિયા જીઆઈડીસી પોલીસે આંબોસ અને પડાલ ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈને આ ગુના હેઠળ એક ઈસમને ઝડપી લઈને અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો. આંબોસ ગામે સ્કુલ ફળિયામાં રહેતા અજય વસાવાના ઘરે દરોડા પાડવામાં આવ્યાં હતાં પણ તે ફરાર થઈ ગયો હતો. તેના ઘરમાંથી 11 હજારનો દારૂ જપ્ત કરાયો છે. તેવી જ રીતે પડાલથી ખાટાઆમલા જવાના રોડ પર એક શેરડીના ખેતરમાંથી દારૂની રૂપિયા 14492 ની કિંમતની નાનીમોટી કુલ 69 નંગ બોટલો સાથે વિવેકને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### એનએસઇના નામે ભરૂચના 6થી વધુને છેતર્યા હતાં

# ₹ 63.94 લાખની ઠગાઈ કેસમાં કાનપુરથી સગીર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

એનએસઈના બ્રોકર તરીકે ખોટી ઓળખ આપી બોગસ દસ્તાવેજો બનાવી ₹ 63.94 લાખની છેતરપીંડી કરનાર દંપતી બે મહિના પહેલાં નડીયાદથી ઝડપાયું હતું. ઠગાઈમાં તેમને સાથ આપનાર તેમનો ભત્રીજો પણ ફરાર હતો.

ભરૂચના આર કે કાઉન્ટીમાં રહેતા બેરોજગાર એવા ઠગ બ્રિજેશકુમાર શ્રીવાસ્તવ, તેની પત્ની નિશા શ્રીવાસ્તવ અને તેમના ભત્રીજાએ પૂર્વ આયોજીત ગુનાહીત કાવતરું રચી એનએસઈના નામે ખોટા દસ્તાવેજો બનાવ્યા હતા. એનએસઈના અધિકારીની ખોટી સહી તથા સિક્કાનો ઉપયોગ કરી ઈલેકટ્રોનિક ઉપકરણ દ્વારા પોતાની નેશનલ સ્ટોક એક્ષચેન્જના બ્રોકર તરીકેની ખોટી ઓળખ આપી હતી. આ ખોટા દસ્તાવેજો મિત્ર એવા ફરીયાદી યોગેશ જોષીને રૂબરૂ, ઈમેલ તથા વોટસએપ દ્વારા મોકલી છેતરપીડી કરવાના ઈરાદે મિત્રતાના નામે ફરીયાદી યોગેશ જોષી તથા ફરીયદીના ઓળખીતા મિત્રો પાસેથી ₹63.94 લાખ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ઘટનામાં બે મહિના પહેલાં પોલીસે નડિયાદથી દંપતિને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે કાયદાના સંઘર્ષમાં આવેલો તેમનો ભત્રીજો ફરાર હતો. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સની મદદથી આરોપીને યુપીના કાનપુરથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 16/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# પાનોલીથી રવીદ્રા ગામના માર્ગ ઉપર પ્રદૂષિત ઘન કચરો ઠાલવતા ત્રણ હાઈવા ઝડપાયા

અંકલેશ્વર તા. ૧૫

પાનોલી પોલીસે પાનોલીથી રવીદ્રા ગામ તરફના માર્ગ ઉપરથી કોઈપણ જાતની મંજુરી વિના ઘન કચરો,ગંદો કચરો ખાલી કરવા સુરતથી આવેલ ૩ હાઈવા ટ્રક ડીટેઈન કરી રૂ.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી.

## સુરતની સચિન જી.આઈ.ડી.સી.ની ડમ્પિંગ સાઈટથી આવેલો ઘન કચરો ડમ્પ કરવા આવ્યા હતા

પાનોલી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન પાનોલીથી રવીદ્રા ગામ તરફના માર્ગ ઉપર ત્રણ હાઈવા ટ્રકમાં ટ્રકની ટ્રોલીમાં ઘન કચરો ભરેલ હતો જે ટ્રકનો અટકાવી ટ્રક ચાલક સુરેશ બચુ નીનામા,રણજીત પન્સિંગ વાસકેલા અને સંજીત ગૌરી યાદવની કચરા બાબતે પુછપરછ કરતા આ કચરો સુરતની સચિન જી.આઈ.ડી.સી. પાસે ખજોડ ડમ્પિંગ સાઈટ ખાતેથી ઘન કચરો,ગંદો કચરો ભરી રવીદ્રા ગામના જાબીર પટેલના ખેતરમાં ખાલી કરવા માટે જતા હોવાનુ જણાવ્યુ હતુ. પોલીસે ત્રણેય ટ્રક ચાલકો પાસે ગ્રામ પંચાયત,આરોગ્ય વિભાગ,જી.પી.સી.બી તેમજ ફાયર વિભાગ સહીત સંબંધિત વિભાગોની મંજુરી બાબતે પૂછાતા તેઓએ સંતોષકારક જવાબ નહિ આપતા પોલીસે પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન થાય તેવા કૃત્ય બદલ ગુનો નોંધી રૂ.૭૧ હજારથી વધુ કિલો ગ્રામ ઘન કચરો અને ત્રણ વાહનો મળી કુલ રૂ.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 17/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# દારૂના કેસમાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં એલસીબીએ પ્રોહિબિશનના ગુનામાં 1 વર્ષથી ફરાર આરોપીની ધરપકડ કરી હતી. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલે જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા 1 વર્ષથી ફરાર આરોપી અને સુરતના ઉમરપાડા ખાતે રહેતો સંદીપ ગામીત હાલમાં અંકલેશ્વર કાપોદ્રા પાટિયા નજીક ઉભો છે જેના આધારે પોલીસે તેને દબોચી લીધો હતો.આરોપી છેલ્લા 1 વર્ષથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો.

**DATE: 17/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચમાં બનેલી ઘટનામાં અભયમની ટીમે પતિને સમજાવતા સમાધાન

# યુવતીએ માતા-પિતાની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા પણ શંકા રાખી ફટકારી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અભયમની ટીમ ફરી એક વાર પીડિતાની મદદે આવી હતી.પીડિતાને તેના પતિ દ્વારા અવારનવાર મારઝૂડના બનાવને કારણે આખરે કંટાળીને મહિલાએ અભયમ ટીમની મદદ માંગી હતી.

ભરૂચ અભયમ ટીમના જણાવ્યા અનુસાર ભરૂચ જિલ્લામાંથી એક મહિલા મદદ માગતા ફોન કરીને જણાવે છે તેમના પતિ તેમના પર વહેમ કરી મારઝૂડ કરે છે અને ઘરમાં પૂરી રાખે છે. જેથી ભરૂચ અભયમ્ ટીમની ટિમ પીડીતાએ જણાવેલ સ્થળ પર પહોંચીને પીડિતા સાથે વાતચીત કરતા જાણવા મળે છે કે પીડિતાએ પોતાના માતા પિતાના વિરુદ્ધ જઈને પ્રેમ લગ્ન કર્યા છે તેમના માતા પિતા પીડિતાને બોલાવતા નથી પીડિતા જણાવે છે મારા માતા પિતાનું ના માની મારા પ્રેમીનું વિચારી લગ્ન કર્યા પણ મારા પતિ મારા પર અતિશય શક કરી શારીરિક અને માનસિક ત્રાસ આપે છે. પતિનું કાઉન્સિલિંગ કરી કાયદાકીય સમાજ આપી સમજાવ્યા કે આવું ના કરે અને અને પત્ની ને સારી રીતે રાખે, વહેમના રાખે પતિએ પત્ની પાસે માફી માગી કે હવે વહેમ ના કરું તેમ લેખિત બાહેધરી આપી માફી માગી હતી.

**DATE: 17/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી

# અંકલેશ્વરમાંથી દારૂ સહિત રૂા.૭ લાખનો મુદ્દામાલ જપ્ત

। અંકલેશ્વર ।

ભરૂચ એલસીબીએ મુલદ ટોલ પ્લાઝા પાસેથી ભરૂચના કુખ્યાત બુટલેગરે મંગાવેલ વિદેશી દારૂ ભરેલ કાર મળી કુલ ૭.૩૨ લાખના મુદ્દામાલ કબજે કરી એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એલસીબીનો સ્ટાફ પેટ્રોલીંગમાં અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર હતો. તે દરમિયાન કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી સુરત તરફથી ભરૂચ આવનાર છે. જેથી પોલીસે મુલદ ટોલ પ્લાઝા ખાતે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી કાર આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતા રૂા.૧ લાખનો દારૂ અને ફોન તેમજ કાર મળી કુલ રૂા.૭.૩૨ લાખના મુદ્દામાલ સાથે ભરૂચના કસક વિસ્તારના મયુરી ફળિયામાં રહેતો આરીફ એહમદ ચૌહાણને ઝડપી પાડ્યો હતો.જેની

પોલીસે દારૂ અંગે પુછપરછ કરતા આ દારૂનો જથ્થો ભરૂચના રોટરી કલબ પાછળ મારવાડી ટેકરામાં રહેતો કુખ્યાત બુટલેગર હનીફ ઉર્ફે અન્નુ ઈમરાનશા દિવાન,નવાબ ઉર્ફે નબ્બુ ઈ મરાનશા દિવાન તેમજ તેઓની માતા મહેરુનિશા દિવાન મંગાવેલ હોવા સાથે આ જથ્થો ઓલપાડના દિવ્યેશ હરેશ કાલરિયાએ કોસંબા નજીકના એક ખેતરમાં ભરી આપ્યો હતો.

### ભરૂચના કસકમાં રહેતા કુખ્યાત બૂટલેગરની અટકાયત

**DATE: 17/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે ઝડપી પાડેલાં તસ્કરે વટાણા વેરી નાંખ્યાં, કુલ 3ની ધરપકડ

# દહેજમાં થયેલી ચોરીમાં દાગીનાની ખરીદી કરનારા બે જ્વેલર્સ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજમાં બંધ મકાનમાં ચોરી કરવાના કારસામાં પોલીસે ચોરી કરનારા તસ્કર તેમજ તેમની પાસેથી સોનાના દાગીના ખરીદનાર બે સોનીને ઝડપી પાડ્યો છે.

દહેજ ટાવર ફળિયામાં રહેતાં અને મુળ દાહોદના ખંગેલાં ગામના કરશન બારિયા રાશનકાર્ડમાં કેવાયસી કરવા માટે પરિવાર સાથે વતન ગયાં હતાં.



દરમિયાનમાં તસ્કરોએ તેમના ઘરમાં ત્રાટકી 8 હજાર રોકડા તેમજ 73 હજારના ચાંદીના દાગીના મળી કુલ 81 હજારની ચોરી કરી ગયાં હતાં. દહેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તસ્કરોના પગેરૂં મેળવવા માટેની કવાયત હાથ ધરતાં બાતમીદારો થકી માલુમ પડ્યું હતું કે, ચોરીના કારસામાં દહેજમાં જ બોરડી ફળિયામાં રહેતો અનિલ રાઠોડે ચોરી કરી હતી.જેથી ટીમે તેની ધરપકડ કરી પુછપરછ કરતાં તેણે આમોદના રાહુલ સંતોષ સોની તેમજ દહેજના રમેશચંદ્ર બાબુલાલ સોનીને દાગીના વેચ્યાં હોવાનું કબુલ કરતાં ટીમે તે બન્નેની પણ ધરપકડ કરી તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

**DATE: 18/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જૂના બોરભાઠા ગામેથી દારૂ સાથે બૂટલેગર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના જુના બોરભાઠા બેટ ગામના આંબલી ફળિયામાં હર્ષદેવ મંદિરની બાજુમાં રહેતો બુટલેગર સંજય રમેશ વસાવા એ પોતાના ઘરની સામે ના ખેતરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ હોવાની મળેલી માહિતી ના આધારે અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની 366 નંગ બોટલ મળી કુલ 54 હજાર થી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સંજય વસાવાની ધરપકડ કરી હતી.

**DATE: 19/12/2024 CATEGORY: GREEN E-PAPER DIVYABHASKAR PAGE-09**

# પાલેજના જીઆરડી જવાને નાણાં સાથેનું પર્સ મૂળ માલિકને પરત કર્યું




પાલેજ : ભરૂચના પાલેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા જીઆરડી જવાનને એક વ્યકિતનું નાણાંનુ પર્સ પાલેજ ટાઉનના મધ્ય ભાગમાં આવેલા બજારમાં પોલીસ લાઈન પાસેથી મળ્યુ હતુ. સરફરાઝ પઠાણે પોતાને મળેલુ પર્સ પાલેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા અમલદાર રાજેશભાઈ દેવરામભાઈને સોંપ્યુ હતુ. રાજેશભાઈએ પર્સને તપાસતા તેમાંથી રોકડ રકમ, એક ફોટો તેમજ સ્ટુડિઓનું કાર્ડ મળી આવ્યુ હતુ. તેઓએ ફોટો તેમજ સ્ટુડીઓ કાર્ડના આધારે મુળ માલિકની શોધખોળ આદરી હતી. ફોટોના આધારે પર્સના મુળ માલિક ફૈઝાના સારોદી હોવાનું જાણવા મળ્યુ હતુ. તેઓએ ફૈઝાન સારોદીનો સંપર્ક કરી પાલેજ પોલીસ મથકમાં બોલાવી જીઆરડી જવાન સરફરાઝ પઠાણના હસ્તે પર્સ પરત કર્યુ હતુ.

**DATE: 19/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 7 વર્ષથી તેલુ ભિલાલા નાસતો ફરતો હતો

# અંકલેશ્વરનો 7 વર્ષથી ફરાર આરોપી અમરેલીથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પેરોલ ફર્લો સ્કોડ ટીમે ચોરીના ગુનામાં છેલ્લા 7 વર્ષથી ફરાર આરોપીની અમરેલી ખાતે થી ધરપકડ કરી હતી. અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના ગુનામાં 7 વર્ષથીતેલુ ભિલાલા નાસતો ફરતો હતો.

ભરુચ પેરોલ ફર્લો સ્કોડ ની ટીમ જિલ્લાના બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા પ્રયત્નો હાથ ધરતા બાતમીના આધારે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ આરોપી અમરેલી હોવાની ચોક્કસ માહિતી મળી હતી.

જે માહિતી આધારે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના ગુનામાં નાસતા ફરતા આરોપી તેલુ ભિલાલા ને ગત રોજ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખાખરીયા ગામે થી ઝડપી પાડ્યો હતો.

આ અંગે અંકલેશ્વર રૂરલપોલીસ મથકે જાણ કરી અમરેલી ઝડપી પાડેલા તેલુભીલાલા ને રૂલર પોલીસ ના હવાલે કર્યો હતો. રૂલરપોલીસે તેની વિધિવત અટક કરી વધુ તપાસ શરુ કરી હતી.

**DATE: 20/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# ઝઘડિયા તાલુકાના ધારોલી ગામેથી સટ્ટા બેટિંગનો આંકડાનો જુગાર ઝડપાયો

ઝઘડિ : ઝઘડિયા તાલુકાના ધારોલી ગામેથી જુગાર રમાડતા એક ઈસમને કુલ રૂપિયા ૨૪,૧૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. પીએસઆઈ પી. કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતાતે દરમિયાન બાતમી મળી હતૂ કે ધારોલી ગામે રમેશ ઉર્ફે મુન્નો લક્ષ્મણ વસાવા જુગાર રમાડે છે. પોલીસે રેઈડ કરીને રોકડા રૂ.૨૧,૧૯૦ મળી કુલ રૂપિયા ૨૪,૧૯૦ના મુદ્દામાલ સાથે રમેશ વસાવા રહે. ધારોલીને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી 4 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ફાંસી ફળીયામાંથી શહેર એ ડિવિઝન પોલીસે જુગાર રમતા ચાર જુગારીઓને ઝડપી પાડી રૂ.12 ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .જુગાર અંગેની મળેલી માહિતી ના આધારે રેડ કરતા જુગાર રમતા જાબીર શાહ મોહંમદ શાહ ફકીર, શશીકાંત વાઘ, દુલશન મિસ્ત્રી અને રાજેશકુ પંડયાને ઝડપી લીધા હતાં.પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા 12.400 ની રોકડ જપ્ત કરી તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 20/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રાજસ્થાનમાં સંતાયા હોવાની બાતમી મળી હતી

# અવાદરમાં વેસ્ટ પ્રકરણમાં દોઢ વર્ષથી ફરાર પિતા- પુત્ર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના અવાદર ગામ ખાતે કેમિકલ વેસ્ટ ઠલવાના પ્રકરણ માં છેલ્લા દોઢ વર્ષથીફરાર પિતા- પુત્ર ઝડપીપાડ્યા હતા. ઝગડીયાની વી.આર ઈન્ડસ્ટીઝ માંથી રાસાયણિક વેસ્ટ ઉપાડી જાહેર માં નિકાલ કરવા ના મામલે અગાઉ 5 સામે રૂરલપોલીસમથકે ગુનો દાખલ થયો હતો.

ગત 11 ઓગસ્ટ 2023ના રોજ ભરૂચ એલસીબી પોલીસ દ્વારા અવાદર ગામ ખાતે કેમિકલ વેસ્ટ પાણી જાહેર માં નિકાલ કરતા ટેન્કર ને ઝડપી પાડી 3 ઈસમની અટકાયત કરી તાલુકા પોલીસને હવાલે કર્યું હતું. જે અંતર્ગત તાલુકા પોલીસે એ મધ્યપ્રદેશના નાગદાના યોગેન્દ્ર સિંહ રાજેન્દ્ર સિંહ રાજપૂત અને ધ્રુવ મનોજ મીના તેમજ વડોદરાના શિનોરના અનિલ રામજીભાઈ વસાવા આ કેમિકલ વેસ્ટ ભરાવી આપનાર મધ્યપ્રદેશના નાગદાના મનોજ મીના તેમજ ઝઘડીયાની વી આર ઈન્ડસ્ટ્રીઝ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી હતી. જે ગુનામાં પુત્ર છેલ્લા દોઢ વર્ષથીવોન્ટેડ મનોજ મીણા અને ધ્રુવ મીણાને બી ડિવીઝન પોલીસે ઝડપી પાડયાં છે.

**DATE: 20/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### તસ્કર સકંજામાં | અંકલેશ્વરના સારંગપુરની મંગલદીપમાં 8.33 લાખની ચોરીની કબૂલાત

# રાજ્યમાં 30 ચોરી કરનાર સીકલીગર ગેંગનો સાગરીત ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર ની મંગલદીપ સોસાયટી માં થયેલ 8.33 લાખની ચોરીમાં સીકલીગર ગેંગની સંડોવણી સામે આવી છે. એક આરોપીને એલસીબીએ ભરૂચના કસક વિસ્તારમાંથી ઝડપી પાડયો છે જયારે 2 ફરાર હોવાથી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. 2016થી 2024 દરમિયાન અમદાવાદ, વડોદરા, ભરૂચ જિલ્લામાં 30 થી વધુ ચોરી ને અંજામ આપ્યો હતો. તાજેતરમાં અંકલેશ્વર શહેરમાં થયેલી 5 ચોરી ઓ માં પણ સંડોવણી સામે આવી હતી.

તારીખ 3 ડિસેમ્બર ની રાત્રીના અંકલેશ્વર સારંગપુર વિસ્તારમાં આવેલ મંગલદીપ સોસાયટીમાં રહેતા સંજય ત્રિપાઠીના ઘરના તાળા તોડી 8.33 લાખની ચોરીની ઘટના બની હતી. તસ્કરોએ પરિવાર મકાનમાં હાજર હતું ત્યારે ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. પરિવારના સભ્યો જે રૂમમાં ઉંઘતા હતાં તેને બહારથી બંધ કરી દીધો હતો. અંકલેશ્વર પોલીસની સાથે એલસીબીની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. ચોરીમાં સીકલીગર ગેંગના સતવંત સિંગ ઉર્ફે સંતુ ટાંક સંડોવાયેલો હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે ભરૂચ શહેરના કસક વિસ્તારમાં દરોડા પાડી આરોપીને ઝડપી પાડયો હતો.તેણે



સાળા સોનુસિંગ અંર્ધોતી (સીકલીગર) જોડે ચોરીને અંજામ આપ્યો હતો અને ચોરીમાં મળેલા દાગીના સસરા અજિતસિંગ અંર્ધોતી ( સીકલીગર)ને વેચવા આપ્યાં હોવાની કબુલાત કરી હતી. આ બંને ફરાર હોવાથી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આરોપી પાસેથી મોબાઇલ ફોન કબજે લેવાયો છે. ઉલ્લેખનીય છે કે આ ટોળકીએ 8 વર્ષમાં વડોદરા, અમદાવાદ અને ભરૂચ સહિતના શહેરોમાં 30થી વધારે ઘરફોડ ચોરી કરી છે. ભરૂચ એલસીબીએ ઝડપી પાડેલાં તસ્કરને ઝડપીને અંકલેશ્વર પોલીસના હવાલે કરવામાં આવશે. ટોળકીના અન્ય સાગરિતો બાબતે પણ આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે. અંકલેશ્વરમાં ચોરીના વધી રહેલાં બનાવોને પગલે સ્થાનિકોને જાનમાલની ચિંતા સતાવી રહી છે.

### લોખંડના હથિયારથી નકુચો તોડવાની મોડસ ઓપરેન્ડી

સીકલીગર ગેંગના પરિવારના મોટાભાગના સભ્યો ચોરીમાં સંડોવાયેલાં છે. તેઓ વિવિધ વિસ્તારોમાં ફરીને બંધ મકાનોની રેકી કરતાં હતાં. બંધ મકાન જોવા મળતાં રાતના સમયે તેઓ લોખંડના હથિયારથી નકુચો તોડી અંદર પ્રવેશી ચોરી કરતાં હતાં. ચોરી કરાયેલાં સોના-ચાંદીના દાગીના તેઓ પરિવારના સભ્યોને વેચવા માટે આપી દેતાં હતાં. આરોપીઓએ વડોદરા, ભરૂચ, અરવલ્લી અને મહિસાગર હોવાનું પ્રાથમિક તપાસમાં જોવા મળ્યું છે.

**DATE: 21/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# દહેગામમાં ચોરીના મુદ્દામાલ સાથે ચાર ઝડપાયા

ભરૂચઃ ભરૂચ એલસીબી પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન દહેગામ બસ સ્ટેન્ડ પાસે એક સફેદ કલરની વાન ગાડી શંકાસ્પદ હાલતમાં જણાતા તેને રોકી ચેક કરતાં ગાડીમાંથી કેબલ આશરે 200 મીટર કિ.રૂ.6,000 તથા વાયર કાપવાનું કટર, પક્કડ સહિતનો સામાન તથા વાન ગાડી કિ.રૂ 50,000/-તથા 2 મોબાઈલ કિ.રૂ.10,000 મળી આવ્યો હતો. આ અંગે પોલીસે બિલ માંગતાં ન મળતાં ચોરી કરીને લાવ્યા હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે કુલ મળી રૂ.66,600/- ના મુદ્દામાલ સાથે અલાઉદ્દીન બસીર, મુબારખ હૈદરાઅલી પટેલ, સલીમ અબદુલ્લા પટેલ, જાવીદ ઝુબેર મામલીને ઝડપી પાડ્યા હતા. તેઓને ભરૂચ રૂરલ પોલીસમાં સોંપીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

વેચાણ અંગેની

**DATE: 21/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### છેલ્લા મહિનાથી પોલીસને ચકમો આપતાં હતાં

# પાનોલીના ગૌ માંસના ગુનામાં ફરાર પિતા પુત્રની આખરે ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસ મથકના ગૌ માંસ ના ગુનામાં વોન્ટેડ પિતા પુત્રની ક્રાઈમ બ્રાન્ચે એ ધરપકડ કરી હતી. પાનોલી પોલીસ મથકે છેલ્લા મહિના થી વોન્ટેડ હતા.પોલીસે પિતા પુત્ર ની કંથારીયા ગામ ની ગરીબ નવાઝ કોલોનીથી ઝડપી પાડ્યા હતા.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. આર.કે. ટોરાણીની ટીમ ભરૂચ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે પાનોલી પોલીસ સ્ટેશનના ગૌમાંસના ગુનાના આરોપી એવા પિતા પુત્ર કંથારીયા ગામ ગરીબ નવાઝ કોલોનીમાં હાજર છે જે બાતમીના આધારે આરોપી આશીફ અબ્દુલ જોગીયાત ઉ.વ.૨૨ રહે, મસ્જિદ ફળિયું આલુંજ ગામ તા- અંકલેશ્વર જી- ભરૂચ અને અબ્દુલ સુલેમાન જોગીયાત ઉ.વ.50 રહે, મસ્જીદ ફળિયું આલુંજ ગામ તા-અંકલેશ્વર જી- ને કંથારીયા ગામ ગરીબ નવાઝ કોલોનીમાંથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ત્રણ મહિનાથી આરોપી નાસતો ફરતો હતો

# આમોદ પોલીસ પર હુમલો કરનાર આરોપીને કસક ગરનાળાથી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ



આમોદ નગરમાં પોલીસ પર એસોલ્ટ કરનાર સિકલીગર આરોપી છેલ્લા ત્રણ મહિનાથી પોલીસ પકડથી નાસતો ફરતો હતો. આરોપીને પોલીસે કસક વિસ્તારમાંથી પકડી લીધો હતો. ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર વી.યુ. ગડરીયા દ્વારા નાસતા- ફરતા આરોપીઓ શોધી કાઢવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા જેના આધારે psi ટી.આર.મોદીની ટીમને બાતમી મળી હતી કે સાડા ત્રણ મહિના પહેલા આમોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ ઉપર એસોલ્ટ કરનાર એક સીક્લીગર આરોપી અમરસીંગ ધાનસીંગ ચૌહાણ હાલમાં કસક ગરનાળા પાસે ધોળીકુઈ તરફ જવાના રસ્તા ઉપર ઉભો છે તેવી ચોક્કસ બાતમીને આધારે સમય સુચકતા વાપરી તાત્કાલીક આરોપીને કસક ગરનાળા ખાતેથી પકડી પાડી તેની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 21/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચની દહેજ પોલીસની કાર્યવાહી

# એટીએમ કાર્ડ બદલીને ફ્રોડ કરતી આંતરરાજય ગેંગને ઝડપી પાડી

## રૂા.૧.૧૮ લાખના મુદ્દામાલ સાથે ચાર આરોપીઓની ધરપકડ

। ભરૂચ ।

ભરૂચની દહેજ પોલીસે ગુજરાતમાં સુરતના સચીન, પાંડેસરા અને ભરૂચ જિલ્લાના દહેજ અને અંકલેશ્વર શહેરમાં એટીએમ કાર્ડ બદલીને ફ્રોડ કરતી આંતરરાજય ગેંગને ઝડપી પાડી છે. પોલીસે કુલ ચાર આરોપીઓને ઝડપી પાડી રૂા.૧.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



એટીએમ કાર્ડ બદલી છેતરપિંડી કરતી ટોળકીના સાગરીતો નજરે પડે છે.

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલા દહેજ ગામમાં એક્સીસ બેંકના એટીએમની અંદરથી ફરિયાદીની નજર ચુકવી તેનુ એટીએમ કાર્ડ બદલી કરી તેની જગ્યાએ બીજુ એટીએમ કાર્ડ આપી ફરિયાદીના એટીએમ કાર્ડથી પૈસા ઉપાડી લઈ લેતા હોવાની બુમો ઉઠી હતી. આ બાબતે દહેજ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો જે મામલે પોલીસ મથકના પીઆઈ એચ.બી.ઝાલાએ સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

આ ટીમોના પોલીસ કર્મીઓએ બનાવવાળી જગ્યાની આજુબાજુના તેમજ રોડ પરના અલગ અલગ જગ્યાના સીસીટીવી ફૂટેજ ચેકી કરી તથા ટેકનીકલ અને હ્યુમન સોર્સીસ આધારે મળેલી માહિતી આધારે સદર ગુનાના આરોપીઓને દહેજના સરસ્વતી નાળા પાસેથી શુભમ ઉર્ફે અંશુ અશોકકુમાર તિવારી, નિતીનસિંહ નકુલસિંહ, નિલેશ ઉર્ફે રજ્જુ રાજેશકુમાર તિવારી અને આકાશસિંગ હરીદાસ સિંગને પકડી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી ઉપયોગમાં લીધેલી બે મોટરસાયકલ કિંમત રૂા.૭૫૦૦૦ તથા અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ કુલ ૪ કિંમત રૂા.૩૫૦૦૦ તથા રોકડા રૂા.૮૦૦૦ મળી કુલ રૂા.૧,૧૮,૦૦૦ ના મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ આરોપીઓએ ભરૂચ સહિત સુરત, સચીન, પાંડેસરા અને ભરૂચ, દહેજ અને અંકલેશ્વરના ગુનાઓને અંજામ આપ્યો હતો.

આ કામના આરોપીઓ ભીડભાળ વાળી જગ્યાઓએ આવેલ અલગ અલગ એટીએમ સેન્ટરો ખાતે જઈ ભોળા માણસોની પાછળ એટીએમની લાઈનમાં ઉભા રહી માણસોનો વિશ્વાસ કેળવી તેઓ પાસે રહેલ એટીએમ કાર્ડનો પાસવર્ડ જાણી નજર ચુકવી માણસો પાસે રહેલ એટીએમ કાર્ડ બદલી કરી બીજુ ખોટુ એટીએમ કાર્ડ આપી બીજી જગ્યાએ જઈ પૈસા ઉપાડી લઈ ચોરી આચરતા હતા.

**DATE: 22/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# અંકલેશ્વર ગુડ્ઝ ટ્રેન સાઈડ ઉપર ચોરી કરનાર 3 ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના આંબોલી રોડ ઉપર કાર્યરત ગુડઝ ટ્રેન લાઈનની સાઈડ ઉપરથી તાજેતરમાં પાટાની ક્લિપની ચોરીમાં ત્રણ ઝડપાયા હતા. ગત તા.15 ડિસેમ્બરના રોજ અંકલેશ્વર નજીક આંબોલી રોડ ઉપર ન્યુ સંજાલી ખાતે ડીએફસી ગુડસ ટ્રેનના અપ લાઈનના ટ્રેક ઉપર થાંભલા પાસે ટ્રેનની પટરીની ઈઆરસી ક્લિપ ટોટલ 73 નંગ ક્મિત રૂ.7592 તથા મેટલ લાઈનર નંગ ૯ મળી કુલ રૂ.11 હજાર ઉપરાંતના મુદ્દામાલની ચોરી થવા પામી હતી. આ ચોરી અંગેની તપાસ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે કરતા તેમાં આંબોલીના અલ્પેશ ઉર્ફે ગુંડો ગોકુળ વસાવા,મ હેશ ઉર્ફે ઇમરાન ઉદેસિંગ વસાવા તેમજ સન્મુખ મથુર વસાવાની સંડોવણી બહાર આવતા પોલીસે ત્રણેયની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પુરસા નવી નગરીમાં પોલીસનો દરોડો

# આમોદ ગામમાં ચાઈનિઝ દોરી વેચતા 2 જણાની ધરપકડ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદની પુરસા નવીનગરી વિસ્તારમાં એક મહિલા તેમજ યુવાન ગેરકાયદે રીતે ચાઈનિઝ દોરીનો વેપલો કરે છે તેવી ચોક્કસ બાતમી આમોદ પોલીસને મળી હતી. જેથી ટીમે તુરંત પુરસા નવીનગરી વિસ્તારમાં આવતાં બાતમી વાળી જગ્યાએ ફિરોજમિયા ઉર્ફે સહેજાદ નિયામત મલેક તેમજ જિજ્ઞેશ દિનેશ બારિયા નામના બે શખ્સો હાથમા બોક્ષ સાથે મળતાં ટીમે તેમની પાસેના બોક્ષમાં તપાસ કરતાં ચાઈનિઝ દોરીના કુલ 47 ફિરકા મળી આવ્યાં હતાં. ટીમે તેમની વધુ પુછપરછ કરતાં ફિરોજમિયાના ઘરમાં વધુ ફિરકા હોવાનું માલુમ પડતાં ટીમે તેના ઘરમાં તપાસ કરતાં ખૂણામાં ત્રણ પુઠાના બોક્ષ પડેલાં હતાં. જેમાં તપાસ કરતાં તેમાંથી ચાઈનિસ દોરીના બીજા 154 ફિરકા મળી આવતાં ટીમે કુલ 40 હજારથી વધુની મત્તાના 201 ફિરકા જપ્ત કરી બન્ને આરોપી વિરૂદ્ધ જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# નેત્રંગના કવચીયા ગામે આંક ફરકનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ,તા.૨૧

નેત્રંગ - ઝંખવાવ રોડ ઉપર આવેલા કવચીયા ગામે ભરૂચ એલસીબી પોલીસે આંક ફરકના આંકડાનો જુગાર રમાડતા એક શખ્સને કુલ રૂ.૧૭,૯૯૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. મોબાઈલ ફોન પર આંકડાનો જુગાર લેનાર એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.

## અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કરાયો

ભરૂચ એલસીબી પોલીસની ટીમ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૨૦ના રોજ પેટ્રોલિંગમાં હતી, તે સમય દરમિયાન બાતમીના આધારે કવચીયા ગામે મંદિર ફળીયામાં રહેતા દલસુખ રૂપસીંગ વસાવા તેના ઘર પાસે ખુલ્લી જગ્યામાં આંક ફરકના આંકડાનો સટ્ટા બેટીંગનો જુગાર રમી રમાડી રહેલ છે, જે બાતમી આધારે રેડ કરાતા આંકડાનો જુગાર લખતો દલસુખ રૂપસીંગ વસાવા ઝડપાઈ ગયો હતો. તેની પાસેની થેલીમાં તેમજ અંગઝડતી કરાતા રોકડા ૧૨,૯૯૦/- મો. નંગ એક રૂ.૫૦૦૦/- મળી કુલ રૂ.૧૭,૯૯૦/- નો મુદ્દામાલ જપ્ત કરી. એલસીબી પોલીસે નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરી સલમાન પઠાણ રહે નેત્રંગને વોન્ટેડ જાહેર કરેલો છે.

**DATE: 22/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### આમોદ પોલીસે ઝોલાછાપ તબીબને ઝડપી પાડ્યો હતો

# બિહારના કમ્પાઉન્ડરે આમોદમાં ડોક્ટર બની દવાખાનું ખોલી દીધું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકાના માતર ગામે પશ્ચિમ બંગાળના ઝોલાછાપ તબીબે દવાખાનું ખોલી લોકોની સારવાર શરૂ કરી દીધી હતી. જોકે, પોલીસે તેને ઝડપી પાડી કાયદાના પાઠ ભણાવ્યાં છે. પ્રાથમિક પુછપરછમાં તેણે બિહારમાં કોઈ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતોદ હતો. જ્યાંથી તેણે ભરૂચના આમોદ પંથમાં આવી કોઈ પણ તબીબી ડિગ્રી વિના દવાખાનું શરૂ કરી દીધું હોવાનું કબુલ્યું છે.

ભરૂચ જિલ્લામાં આવેલી વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં રોજગારી અર્થે આવતાં પરપ્રાંતિયોની વસાહતોમાં ભુતકાળમાં કેટલાંય ડિગ્રી વિના જ સારવાર કરતાં ઝોલાછાપ તબીબો ઝડપાયાં છે. દરમિયાનમાં આમોદના પીઆઈ આર. બી. કરમટીયા તેમજ તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, માતર ગામે તબીબ તરીકે દવાખાનું ચલાવતો અલોક અનંત બિશ્વાસ બોગસ તબીબ છે.

જેના પગલે ટીમે તેના દવાખાને દરોડો પાડી તેની પાસેથી તેની ડિગ્રીઓની માગણી કરતાં તેની પાસે કોઈ જ પ્રકારની ડિગ્રી ન હોવાનું માલુમ પડ્યું હતું. તે કોઈ પણ તબીબી ડિગ્રી કે અનુભવ વિના જ લોકોની સારવાર કરતો હતો. વધુમાં તેણે કબુલ્યું હતું કે, પહેલાં તે બિહારના કોઈ તબીબને ત્યાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતો હતો. જ્યાંથી તેણે ભરૂચના આમોદ ખાતે આવ્યાં બાદ અંદાજે કોરોનાકાળમાં દવાખાનું શરૂ કર્યું હતું. બનાવને પગલે આમોદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનિય છે કે, આવા ઝોલાછાપ તબીબોને કારણે અનેકવાર ગરીબ શ્રમજીવીઓને જીવ ગુમાવવાનો પણ વારો આવે છે.

**DATE: 22/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

### બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો

# આછોદ ગામે ખુલ્લામાં જુગાર રમતાં સાત જુગારિયા ઝડપાયા

## પોલીસે ૬૧,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો

। જંબુસર ।

આમોદ તાલુકાના આછોદ ગામે ખુલ્લામાં પત્તા પાના વડે હારજીતનો જુગાર રમતાં સાત જુગારીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આમોદ પોલીસ ઈન્સ્પેકટર આર.બી.કરમટિયાને મળેલ બાતમીને આધારે રેડ કરતા આછોદ ગામે કેટલાક ઈસમો ખુલ્લામાં પત્તા-પાના વડે પૈસાથી પોતાના અંગત ફાયદા માટે હારજીતનો જુગાર રમતા હતાં. પોલીસે જુગાર રમતાં સાત જુગારી નામે (૧) ઈરફાન અહમદ ઈબ્રાહીમ પટેલ, (૨) તોશીફ ઈસ્માઈલ ગૌરી, (૩) મહંમદહનીફ હશન અલ્લી પટેલ, (૪) યાકુબ ઈસ્માઈલ મહંમદ સુલેમાન પટેલ, (૫) ઈકબાલ ઈબ્રાહીમ વલી પટેલ, (૬) ઈમરાન અબ્દુલ્લા યાકુબ ભીખા વોરા પટેલ, ( ૭) અસફાક અલ્લી ઈસ્માઈલ લખોટી વોરા પટેલ.તમામ રહે,આછોદ ને ઝડપી પાડી અંગઝડતી લેતાં રોકડા રૂ.૯૧૫૦ અને દાવ ઉપરના રોકડા રૂ.૬૯૫૦ પાંચ મોબાઈલના ૨૫,૫૦૦ તેમજ એક મોટર બાઈક જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬૧,૬૦૦ સાથે આરોપીઓએ ઝડપી તેમની સામે જુગાર ધારા કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.